

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*ઉખડી ગઈ ચામડી ડેટોલ નકલી લાગે છે*
*જતો નથી કોરોના ઈંજેકશન નકલી લાગે છે*
*રીકવરી છતાં મરે ? સુધારો નકલી લાગે છે!*
*સાવચેતી થાય, કોરોના! નકલી લાગે છે!*

### હાઈકુ

*થવું કે નહીં!*
*અસલી-નકલીમાં !!*
*છે મુંઝવણ -*
*(કોરોના'ને દ્વિધા)*

*'છું પોઝીટીવ'*
*'કામ કરવું નથી -'*
*નકલી ચેપ!!*
*(ટેસ્ટીંગની બોલબાલા)*

## ચિંતન

**વહેદમિત્રં સ્કેન્ધેન યાવત્કાલવિપર્યયઃ ।**
**તમૈવ ચાગતે કાલે ભિન્ધાદ્ ઘટમિવાશ્મના ॥**

**ઉપરોક્ત શ્લોક શ્રી સુભાષિત પધાવલિમાંથી લેવામાં આવેલ છે.**

**શત્રુ પ્રત્યેની નીતિ જયાં સુધી સમય અનુકૂળ ન હોય ત્યાં સુધી શત્રુને ખભા ઉપર રાખવો. મોટો હોય તેમ દેખાવ કરવો અને જયારે યોગ્ય સમય આવે ત્યારે તેને જ પથ્થરથી ઘડાને તોડી નાખવામાં આવે તેમ તેનો નાશ કરવો.**

**દુશ્મન - શત્રુનો સમય હોય છે એનાં બળ, બુદ્ધિ, ધન-સત્તા, પદ પાસે જયારે આપણે લાચાર હોઈએ ત્યારે એનું નેતૃત્વ - મહત્ત્વ સ્વીકારીને તેને મૌન રહી સહન કરવો જોઈએ.**

**... પરંતુ એના પતનના કાળમાં - જયારે પરિસ્થિતિ પલ્ટાય ત્યારે તેની પછળાટનો લાભ લઈ તેને નષ્ટ કરવો જોઈએ.**

**... પરંતુ એના પતનના કાળમાં - જયારે પરિસ્થિતિ પલ્ટાય ત્યારે એની પછળાટનો લાભ લઈ તેને નષ્ટ કરવો જોઈએ.**

## સુવિચાર

- અપનોં સે બસ ઉતના રુઠો કિ આપકી બાત,
  ઔર સામનેવાલે કી ઈજ્જત બરકરાર રહે - **આકાશ 'સાહેબ'**
- સમાધાન એ એક સરસ છત્રીરુપ જરૂર છે પણ એ કદી છત બની શકતી નથી - **જીવન પાથેય**
- ધર્મમાં પ્રવેશ મનુષ્યની પહોંચમાં છે,
  જયારે અધ્યાત્મના વ્યક્તિમાં પ્રવેશ માટે ઈશ્વરની કૃપા જરૂરી છે - **એસ.ભટ્ટાચાર્ય**
- આજનો માણસ સુખી થવા હાટુ દુઃખી થાય છે - **દુલા ભાયા કાગ**
- જાત પર મેળવેલો વિજય એ જગતનો સર્વશ્રેષ્ઠ વિજય છે - **ગ્રીસની કહેવત**
- લોકોને ફટકારતા રહીને નેતૃત્વ ન કરી શકાય એ તો દાદાગીરી કહેવાય નેતૃત્વ નહીં - **ડેવિડ એસેનહવર**
- આજનું ઔષધ : કેળના પાન તથા કમળના પાન વાટીને તે પેસ્ટ પગના તળિયા પર લગાડવાથી દાહ મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

મુકેશ મહાન ગાયક. એવા જ તે માનવતાસભર નેકદીલ ઈન્સાન હતા. તેઓ વાતચીતમાં કહેતા, 'હું પ્રથમ માણસ છું, પછી જ કલાકાર છું.' એકવાર મુંબઈની હોસ્પિટલમાં અપંગ બાળકીને દાખલ કરવામાં આવી હતી. એ બાલિકાએ બાલિશ જીદ કરી કે, મુકેશ મારી પાસે આવીને કોઈ ગીત સંભળાવે. બાલિકાની માતાએ એને સમજાવવા કહ્યું, 'મુકેશ મોટા ગાયક છે, એ તારી પાસે આવીને તને ગીત સંભળાવે એ અશક્ય છે.' બાલિકાની આવી જીદ હોસ્પિટલના એક અધિકારીને કાને પડી. એણે મુકેશને આ વાત પર રૂબરૂ મુલાકાત કરવાનો વિચાર કર્યો. મનમાં જરૂર શંકા હતી કે મુકેશ અહીં આવશે ખરા?? એક રવિવારે હિંમત કરીને તેઓ મુકેશના ઘરે પહોંચ્યા. અધિકારી એ ધ્રુજતા અવાજમાં મુકેશને કહ્યું, 'અમારી હોસ્ટિલમાં એક બાલિકા દાખલ થઈ છે તે અપંગ છે. એ આપનું ગીત સાંભળવા અને રૂબરૂ મળવા માંગે છે.' મુકેશ તરત પરિસ્થિતિનો તાગ પામી ગયા. અને કહ્યું, 'આપ જઈને જાણ કરી દો કે આજે સાંજે હું ત્યાં આવીશ અને તેને જરૂર ગીત સંભળાવીશ.' મુકેશ તે બાલિકાને ખૂબ આનંદ કરાવ્યો અને ગીતો ગાયા. બીજે દિવસે એમને સેક્રેટરી એ પૂછ્યું, 'આપે એક અપંગ બાલિકાને ગઈ રાત્રે ગીતો સંભળાવ્યા એ શું સાચું છે??' મુકેશ જવાબમાં કહ્યું, 'હા, પણ વધુ સાચું તો એ છે કે મારાં ગીતોથી એ અપંગ બાલિકા પર જે પ્રસન્નતા છવાયેલી જોઈ એનાથી મને અનેરો આનંદ ઉપજ્યો એવો આનંદ તો મને જીવનમાં કદી નથી થયો!!'

# હવે, રામ કોરોના દૈત્યનો વધ કરો

**તંત્રીસ્થાનેથી...**

કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગર મતવિસ્તારના સાંસદ અમિત શાહ રક્ષાબંધન પર્વ મેદાન્તા હોસ્પિટલમાં વ્યતીત કરી રહ્યા છે અને એમના અસંખ્ય શુભેચ્છકો એમના દીર્ઘાયુષ્ય માટે મહામૃત્યુંજય જાપ કરી રહ્યા છે. એમને સામાન્ય કક્ષાનું સંક્રમણ છે અને શરૂઆતના તબક્કે જ ટેસ્ટ કરાવી દેતાં એને નિયંત્રિત કરવામાં દિલ્હીના તજજ્ઞ તબીબોને ઝાઝી તકલીફ નહીં પડે તે નક્કી છે. અમિતાભ બચ્ચને ત્રણેક અઠવાડિયાં હોસ્પિટલમાં ગાળીને રક્ષાબંધનના દિવસે જ 'ઘરવાપસી' કરી છે. એમના એકના એક સુપુત્રને પણ જલદી રજા મળી જશે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય સી.જે. ચાવડા પણ સ્વસ્થ થઈને વહેલી તકે પાછા ફરશે. ચોરાણુમા વર્ષે અડીખમ પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના રાજકીય વારસદાર ભરતસિંહ સોલંકીએ ઘણી લાંબી લડત આપ્યા પછી વેન્ટિલેટરથી મુક્તિ મેળવી છે એટલે એ પણ આગામી દિવસોમાં પુનઃ કોંગ્રેસના ગાબડાંવાળા ગઢમાં પરત ફરી શૂન્યમાંથી સર્જન કરવાના પ્રયાસો ધરશે. જીવનની આ જ ઘટમાળ છે - કોરોનાએ કોઈ આંતરરાષ્ટ્રીય ફિલોસોફરની અદાથી આ રહસ્ય ઉજાગર કરી કહેવાતા વીઆઈપીઓનો અહંકાર ઉતારી દઈ એક પુણ્યનું કામ કર્યું છે એટલું તો એ બધા પણ સ્વીકારશે. ગરીબ માણસને કોરોનાનાં સામાન્ય લક્ષણ દેખાય તો એને અમિત શાહની જેમ મેદાન્તા જેવી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં દાખલ થવાનું સપનું પણ ન આવે. કુદરતી પ્રતિકાર શક્તિને લીધે એ આપોઆપ સાજો થઈ જઈ બીજા સંપર્કમાં આવનારાઓને કોરોના સંક્રમણની અમૂલ્ય ભેટ જરૂર આપતો જશે! કોરોના અત્ર-તત્ર-સર્વત્ર વ્યાપી રહ્યો છે એનું આ જ કારણ છે : સામાજિક વિષમતાને કારણે જેનું સૌથી પહેલા ટેસ્ટિંગ થવું જોઈએ એવા ઝૂંપડપટ્ટીઓમાં રહેનારા, માસ્ક વગર ફરનારા મજૂર વર્ગનું ટેસ્ટિંગ નથી થતું. અંતે એનું વેર વાળતી હોય એમ પ્રકૃતિ એ લોકોને સ્પ્રેડર કે સુપર સ્પ્રેડર બનાવી ભદ્રલોકને ટાર્ગેટ બનાવે છે. શહેરો છોડીને કોરોના ગ્રામીણ વિસ્તારોમાં ફેલાઈ રહ્યો છે. જો કે અમદાવાદમાં એનું જોર પોશ વિસ્તારોમાં વધ્યું છે અને સુરત તો કવયિત્રી સુષમા ઐયરના શબ્દોમાં લગભગ સ્મશાનમાં જ ફેરવાઈ ગયું છે. રાજકોટ હવે સુરતની હરિફાઈ કરવા માંડ્યું છે. આત્મસંતોષ ખાતર મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સુરતની મુલાકાત લઈ મૃત્યુદર નીચે ગયો હોવાનું નિવેદન કરે છે તેથી પ્રજાનો કોરોના આતંક જરૂર થોડો ઓછો થાય છે. પરંતુ કોરોના જ જાણે છે કે એ પોતે કેટલો જોરમાં છે. એણે ભલભલા ભૂપનું પાણી ઉતારી દીધું છે. જે ઉત્તરપ્રદેશમાં શરૂઆતમાં કોરોનાના તદ્દન ઓછા કેસ નોંધાયા હતા ત્યાં જ એણે એક મહિલા મિનિસ્ટરનો શિકાર કરી અયોધ્યાની ઉજવણી પ્રસંગે નાક કાપીને અપશુકન કરી દીધા છે! ભગવાન રામચંદ્રજી સરયૂમાંથી પુનઃ પ્રગટ થઈ કોરોનાનાં અસંખ્ય મસ્તકોનો રાવણનાં મસ્તકોની જેમ વધ કરે તો કેવું સારું ! આશા અમર છે. સિયાવર રામચંદ્ર કી જય/ પવનસુત હનુમાન કી જય!

# રક્ષાબંધનના આ પર્વે આસપાસ સુરક્ષાના, પ્રેમના - વિશ્વાસના અજવાળા રેલાય છે



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'કોઈને પણ કયારેય કલ્પના હતી કે, આવો શ્રાવણ અને આવી રક્ષાબંધન આપણા જીવનમાં આવશે?'

આ શબ્દો છે ભાવનગરની પ્રસિદ્ધ અને યુવા ગાયિકા શ્રઈમતી સુરભી અજીત પરમારના વાત એમ બની કે મારે Top FM રેડિયોના મારા શૉ માટે રક્ષાબંધનના પર્વ નિમિત્તે એની પાસે ગીતો ગવડાવવા હતા... એટલે ફોન જોડયો એમાં સુરભીએ સહજતાથી આ વાત છેડી અને ઉમેર્યું કે 'બહેન સાસરે હોય, દૂર હોય, બીજી કોઈ પરિસ્થિતિ હોય અને રક્ષાબંધન પર ભાઈને ના મળે એ હજી સમજી શકાય, આ તો આ રોગનું સંક્રમણના થાય એના ભય વચ્ચે મળવાનું અથવા નહિ મળવાનું !!! પરમાત્મા હવે આ રોગનું જલ્દી શમન કરે, એવી જ પ્રાર્થના આ રક્ષાબંધને હોઈ શકે.'

આમ કહીને તેણીએ ભાઈ-બહેનના પ્રેમના ગુજરાતી - હિન્દી મીઠા મધુરી ગીતો રજૂ કર્યા.

વાતો કરતાં કરતાં પહોંચી જવાયું કિશોરાવસ્થાના અને યુવાનીના એ દિવસોમાં જયારે રક્ષાબંધનના પર્વનું મહત્ત્વ ધીમે ધીમે સમજાતું ગયું. પરિણામ એ આવ્યું કે મેં કયારેય લગભગ 'ભાઈ - બહેનનો પવિત્ર પ્રેમ' એવો શબ્દ ના ઉચ્ચાર્યો. ભાઈ-બહેનનો પ્રેમ તો પવિત્ર જ હોય ને ! અરે સાહેબ, આ સંબંધનો જ નહિ,પ્રેમ માત્ર કોઈ પણ હૃદયમાં પ્રગટ થાય એ પ્રેમ પવિત્ર જ હોય! અને જો પવિત્ર ના હોય તો એ પ્રેમ સિવાય ઘણું બધું હોઈ શકે... પ્રેમ તો નહિ જ... વ્યવહાર હોય - ગણતરી હોય - પરંપરા હોય ... એ જે હોય તે પરંતુ પ્રેમ તો નહિ જ. રક્ષાબંધનનું પર્વ આવે એટલે બધાના ઘરમાં કેટલો મોટો ઉત્સવ આવે !! આનંદ-ઉલ્લાસ-ઉર્જા - પ્રેમ-પ્રસન્નતા - હાસ્ય - મીઠાઈ - ભેટ - પરિવાર મેળો અને સાંજે નાનકડી ટૂર...

એક કાચો દોરો - એક રક્ષા સૂત્ર બની જાય, એમાં કારણભૂત છે વિશ્વાસ, પ્રેમ, શ્રદ્ધા. અલબત આજે તો હવે દર વર્ષે જાતજાતની ને પ્રાસંગિક એવી સસ્તી-મોંઘી રાખડીઓ મળતી થઈ ગઈ છે, હીરા-સોના-ચાંદીની પણ મળે, પરંતુ એમાં વસ્તુનું કે વ્યવહારનું નહિ, વિશ્વાસનું મહત્ત્વ છે. રક્ષાસૂત્ર-રાખડી બંધાવનાર અને બાંધનાર ભાઈ-બહેનના હૈયામાં રહેલી એકબીજાની રક્ષાની - સુખની - સમૃદ્ધિની - પ્રેમની ભાવના - સુરક્ષાની પ્રતિબદ્ધતા વણાયેલા છે.

બાળપયણથી લઈને આજ સુધી રક્ષાબંધનનું પર્વ મને અને તમને પ્રેમથી ભીંજવે છે. દ્રશ્ય - શ્રાવ્ય માધ્યમો પરથી રક્ષાબંધનના જાણીતા ગીતો સાંભળના - નવા વસ્ત્રો પહેરવાના - ભાઈ - બહેનનું મિલન થાય, બહેન પૂજાની થાળી સજાવે, કંકુ - ચોખાને ચંદનથી ભાઈને તિલક કરે, દીવો પ્રગટાવે, આરતી ઉતારે મ્હોં મીઠું કરાવે તે ભાઈ એને પ્રેમપૂર્વક સરસ મજાની ભેટ આપે.

આ પ્રસંગોમાંથી હું અને તમે પસાર થયા જ હશું. સ્વાભાવિક છે કે લગ્ન પછી બહેન સાસરે જાય, કયારેક બંને મળે, કયારેક ના પણ મળે, હવે તો દેશ-વિદેશમાં આપણા પરિવારો ફેલાતા થયા છે એટલે ભાઈ-બહેન જયારે પણ મળે ત્યારે રક્ષાબંધન ઉજવે છે એવું પણ બને છે.

સાથે હોવાનો આનંદ હોવો જ જોઈએ પરંતુ ધંધા-રોજગાર-ભૌગોલિક અંતરો આ બધું કયારેક જુદી પરિસ્થિતિનું નિર્માણ કરે તો આ પણ ભાઈ-બહેનનો પ્રેમ તો અખંડ જ રહે છે. સતત વધતો જ રહે છે.

ભાઈ-બહેનના સંબંધો ઈશ્વરની અણમોલ ભેટ છે, એક જ માતાના સંતાન હોય, કઝીન્સ હોય, લાગણીની સગાઈથી જોડાયેલા હોય, ભાઈ-બહેન વચ્ચેનો પ્રેમનો સેતુ એકબીજાને લાગણીથી લથબથ રાખે છે. કોઈ જયારે એમ કહે કે 'આ મારી બહેન કે ભાઈ છે.' પછી એ સગપણમાં છે - કઝીન્સ છે.

લાગણીથી જોડાયેલા છે કે બીજી કોઈ રીતે, એ જાણવું કયારેય જરૂરી નથી લાગ્યું. બસ, ભાઈ બહેનનો સંબંધ એ જ સમજણ આપે છે.

પરસ્પર એકબીજાને ફોન થાય અને એક પાત્ર એમ કહે કે 'હું બિલકુલ મજામાં છું.' પરંતુ એ મજામાં નથી એ પામી જાય એ ભાઈ-બહેનનો સંબંધ... બેમાંથી એક જયારે કોઈ વાતે ગપ્પા મારે - જૂઠું બોલે અને એનો હાથ પકડીને મસ્તક પર મુકી કહીએ, અથવા આંખમાં આંખ મેળવીને કહીએ કે હવે બોલ... અને કયારેય જુઠું ના બોલી શકાય એ સંબંધ એટલે ભાઈ-બહેનનો સંબંધ.

મારા જીવનમાં ઉંમરના અલગ અલગ, તબક્કે જેમણે જેમણે મને ભાઈનો પ્રેમ આપ્યો એ તમામને વંદન કરું છું અને રક્ષાબંધનના પર્વે એમના કલ્યાણની ભાવના વ્યક્ત કરું છું. બહેનોના પ્રેમ થકી જ જીવનમાં સફળતા - સમૃદ્ધિ - પ્રેમ ને પ્રસન્નતા મળતા હોય છે એની પળપળ મને અનુભૂતિ છે.

આપણી પરંપરા પણ હતી કે બ્રાહ્મણ કે ગુરુ પાસે રક્ષાસૂત્ર બંધાવાતું. પુત્રી પિતાને પણ બાંધે, જે ઘરમાં માત્ર દીકરીઓ છે એવા પરિવારોમાં બહેનો એકબીજાને રાખડી બાંધે છે અને પરસ્પર વિશ્વાસની ભાવના વ્યકત કરે છે. મહાનુભાવોને - ધર્માચાર્યોને - કેદીઓને - રમતવીરોને પણ બહેનો રક્ષાસૂત્ર બાંધે છે. રક્ષાબંધનના આ પર્વો, ભાઈ-બહેનના પ્રેમના પર્વે આપણી આસપાસ સુરક્ષાના પ્રેમના - વિશ્વાસના અજવાળા રેલાય છે.

# સંસ્કૃત દિવસ પર કાશ્મીરના સંસ્કૃત લેખકોની વાત માંડીએ...



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

ઋગ્વેદના નદી સૂક્તમાં 'વિતસ્તા'નદીની વાત આવે છે, જે અત્યારની કશ્મીરની જેલમ છે.

બ્રહ્માના પુત્ર મરીચી અને તેમના પુત્ર કશ્યપ ઋષિએ વરાહ મૌલા (બારામુલા) પર્વતને કાપીને ત્યાં પ્રદેશ રચ્યો કાશ્મીર - 'શીમીરા' એટલે અવ્યવસ્થિત પાણી વાળી ભૂમિ.

કાશ્મીરના મહાન સંસ્કૃત વિદ્વાન અને ઈતિહાસકાર 'કલ્હણ'ની રાજતરંગિણીના અધ્યયન વિના કાશ્મીરના અસ્તિત્વને સમજી શકાય તેમ નથી જ નથી. રાજતરંગિણી એટલે રાજાઓની નદી. ભાવાર્થ એવો હતો કે રાજાઓને ઈતિહાસ સમય પ્રવાહ. કવિતાના રૂપમાં કશ્મીરનો આખો ઈતિહાસ આમા વર્ણિત છે.

રાજતરંગિણીમાં કુલ આઠ તરંગ છે. જેના પહેલા તરંગમાં કહેવામાં આવ્યું છે કે, પાંડવોના સૌથી નાના ભાઈ સહદેવે આ રાજયની સ્થાપના કરી હતી. આ 'કાશ્યપ - મેરુ' નગરી - કે જે કશ્મીરમાં પરિવર્તિત થઈ તેમાં પહેલા વૈદિક ધર્મ જ પ્રચલનમાં હતો, ત્યારબાદ ૨૭૩ ઈ.સ. પૂર્વે કાશ્મીરમાં બૌદ્ધ ધર્મનું આગમન થયું.

સૌ પ્રથમ કશ્યપ ઋષિએ આ સ્થળ જયારે સુમસાન બનવા લાગ્યું હતું ત્યારે બ્રાહ્મણોને ત્યાં વસવા માટે સૂચન કર્યું, કે જેઓ કાશ્મીરી પંડિત કહેવાયા.

તેવી જ રીતે ૧૪મી સદીમાં હિન્દુ રાજા 'જમ્બુ લોચાન' મૃગયા માટે 'તાવી' નદીના કિનારા સુધી પહોંચી ગયા, જયાં તેમણે સિંહ અને બકરી બંનેને એક સાથે પાણી પીતા જોયા, અને આથી જ તેમણે ત્યાં નગર વસાવવાનો નિર્ણય લીધો, જે નગર 'જમ્બુ' ના નામે ઓળખાતું થયું. કાળક્રમે તે 'જમ્મુ' પ્રદેશ નામે પ્રચલિત થયું.

પરંતુ આપણે વાત કરવી છે સંસ્કૃત ઈતિહાસકાર કલ્હણની કે જેમણે 'રાજતરંગિણી'માં સંપૂર્ણ તટસ્થ રીતે કાશ્મીરનો ઈતિહાસ કાવ્યાત્મક અને રસાળ શૈલીમાં લખ્યો છે. ૧૯મી શતાબ્દીના ઉત્તરાર્ધમાં ઔરેલસ્ટીન એ ગોવિન્દ કૌલ સાથે મળીને આ ગ્રંથનો અંગ્રેજી અનુવાદ કર્યો હતો.

'રાજતરંગિણી' માં આપવામાં આવેલ વિગતોની પુષ્ટિ ભારતીય પુરાણોમાં ઉલ્લિખિત વિગતો સાથે મેળ ખાય છે. પરંતુ કમનસીબે ભારતના ઈતિહાસ લેખનમાં આ પુસ્તકનો કોઈ સહયોગ લેવામાં ન આવ્યો. અપિતુ 'ફલીટ' વગેરે ઈતિહાસકારોએ તો આમા વર્ણવેલા તથ્યોને અપ્રમાણિક સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો.

'રાજતરંગિણી' માં કાશ્મીરનો ઈતિહાસ મહાભારત યુદ્ધ (૩૧૩૮ ઈ.પૂ.) થી ૩૧૨ વર્ષ પર્વે, એટલે કે ૩૪૫૦ ઈ.સ.પૂ. થી લઈને ઈ.સ. ૧૧૪૮ (રાજતરંગિણી)ના રચના સમય સુધીનો સમાવિષ્ટ છે. આ રીતે કાશ્મીરનો ઈતિહાસ ૫૪૦૦ વર્ષોથી પણ અધિક જૂનો છે.

કશ્મીરનો પ્રથમ રાજા ગોનંદ પ્રથમ મગધ નરેશ 'જરાસંઘ' ના પરિવારનો સગો હતો. જે કૃષ્ણના મોટાભાઈ બલરામ દ્વારા મરાયો હતો. તેનો પુત્ર દામોદર ત્યારબાદ ત્યાંનો રાજા બન્યો. જેને કૃષ્ણની સેનાએ મારી નાખ્યો, શ્રીકૃષ્ણએ ત્યારબાદ તેની પત્ની યશોમતીને છ મહીના માટે શાસિકા બનાવી. તેનો પુત્ર ગોનંદ દ્વિતીય તે પ્રદેશનો શાસક બન્યો.

ઈસા પૂર્વ ૩૦૮૩માં હસ્તિનાપુરના રાજા પરીક્ષિતે તેને એક લડાઈમાં હરાવ્યા બાદ ગોનંદનો કોઈ ઉત્તરાધિકારી ન હોવાના કારણે પરીક્ષિતે રાજયને પોતાના અધિકારમાં લઈ લીધું. હરદેવદેવને રાજા નીમીને વર્ષો સુધી રાજય ચલાવ્યું.

ઈતિહાસ સંશોધક પં. કોટાવેંકટચલમ (૧૮૮૫-૧૯૫૯) એ કશ્મીર વંશાવલી પર ઘણી ચર્ચા કરી છે, અને 'રાજતરંગિણી' નો આધાર લઈને કાશ્મીરના વિભિન્ન રાજવંશોની રાજાઓની ક્રમાનુસાર યાદી 'ક્રોનોલોજી ઓફ કાશ્મીર હિસ્ટ્રી રિકન્સટ્રેકટેડ' નામના પુસ્તકના પૃ. ૯૦ થી ૧૦૧માં આપવામાં આવી છે.

કલ્હણ પછી 'જોનરાજ' નામક એક ૧૫મી સદીમાં થઈ ગયેલા સંસ્કૃત કવિએ પણ 'દ્વિતીય રાજતરંગિણી' લખી છે. જેમાં કલ્હણે લખેલા ઈ.સ. ૧૧૪૯ સુધીના વૃત્તાંતને યથાતથ રાખ્યા પછી ત્યારથી લઈને ઈ.સ. ૧૪૫૯ સુધી પોતાના સમકાલીન સુલ્તાન જૈન-ઉલ-અબિદ્દીન (બુડ શાહ) સુધીના રાજાઓનું વર્ણન કર્યું છે.

કલ્હણે 'રાજતરંગિણી' માં કુલ ૧૩૬ રાજાઓની વંશાવલી સૂચિ તૈયાર કરી હતી તેને જોનરાજે આગળ ધપાવી.

આ તો વળી અયોધ્યા મંદિર સુનાવણી કેસ દરમિયાન નામદાર કોર્ટે રામના વંશજ વિશે પ્રશ્ન કર્યા, એટલે થયું કે ચાલો ભવિષ્યમાં વળી અહીં માટે કોઈ પ્રશ્નો ઊભા કરે એ પહેલા જ શંકાનું નિર્મૂલન કરી દઈએ.

હવે કાશ્મીરનાં આપણા સંસ્કૃત વિદ્વાનો વિશે જાણી લઈએ. લગધ (ઈ.સ. પૂર્વે ૧૪૦૦ થી ૧૨૦૦ વચ્ચે) જેમણે વેદાંગ જયોતિષની રચના કરી.

(૨) ચરક (ઈ.સ. પૂર્વે ૩૦૦) આયુર્વેદના મહાન સૂત્રધાર (૩) વિષ્ણુશર્મા (ઈ.સ. પૂર્વે ૩૦૦) પંચતંત્રના રચયિતા (૪) નાગસેન (ઈ.સ.પૂર્વે. ૨૦૦) બૌદ્ધદર્શનના પ્રકાંડ પંડિત (૫) જયજત્ત (પાંચમી સદી) સુશ્રુત સંહિતા પર ભાષ્ય લખનાર (૬) વાગ્ભટ્ટ (સાતમી સદી) આયુર્વેદના ત્રણ સ્તંભ માંના એક - ચરક સુશ્રુત અને વાગ્ભટ્ટની ત્રિવેણી. (૭) ભામહ (સાતમી સદી). (૮) રવિગુપ્ત (૭૦૦-૭૨૫) બૌદ્ધ દાર્શનિક. (૯) આનંદવર્ધન (૧૦) વસુગુપ્ત (૧૧) સોમનંદ, (૧૨) રુદ્રટ (૯મી સદી) 'કાવ્યાલંકાર'નાં રચયિતા (૧૩) જયંતા ભટ્ટ (૯મી સદી) 'આગમાડંબરા' નામક ન્યાય આધારીત મીમાંસા આધારિત ગ્રંથના રચયિતા. (૧૪) 'મેધાતીથિ' (૯મી કે ૧૦મી સદી) 'મનુસ્મૃતિ' ની અદ્ભૂદ ટીકા લખનાર (૧૫) ઉત્પલવેદ (૯૦૦ થી ૯૫૦) શૈવતાંત્રિક 'પ્રત્યભિજ્ઞા' સ્કૂલના ટીચર (૧૬) અભિનવગુપ્ત (૯૫૦-૧૦૨૦) 'અભિનવભારતી' - નાટ્યશાસ્ત્ર ઉપરની ટીકાના રચયિતા (૧૭) ઉત્પલ (૧૦મી સદી) ગણિતજ્ઞ (૧૮) ક્ષેમેન્દ્ર (૯૯૦ થી ૧૦૭૦) (૧૯) કલ્હણ (૧૨મી સદી) 'રાજતરંગિણી' ના કર્તા, (૨૧) જલ્હણ (૧૨મી સદી) મુગ્ધોપદેશના કર્તા (૨૨) શાઙ્ગગર્દેવ (૧૩મી સદી) સંગીતજ્ઞ. - 'સંગીત રત્નાકર' ના રચયિતા.

આ ઉપરાંત કેશવ ભટ્ટાચાર્ય, મમ્મર (કાવ્યશાસ્ત્રનો ગ્રંથ 'કાવ્ય પ્રકાશ' નાં રચયિતા) રલ્હણ, શિલ્હણ, મલ્હણ, રુય્યક, કુંતક, રુચક, ઉદ્ભટ્ટ, શંકુક, રત્નાકર (હરવિજયના રચયિતા) શિવસ્વામી, ભર્તૃમેણ્ઠ (હ્યગ્રીવ - વધ ના કર્તા) મંખક (શ્રીકણ્ઠ રચિતના કર્તા), સોમદેવ, જયદત્ત, ક્ષીરસ્વામી, પિંગલ, વામન, પુષ્પદન્ત, આવા તો અનેક મહાન સંસ્કૃત વિદ્વાન કાશ્મીરની પાવન ભૂમિમાં થઈ ગયા. જેમનું પ્રદાન સમગ્ર વિશ્વમાં અદ્વિતીય કહી શકાય, તે કક્ષાનું છે.

બે દિવસ પછી સ્વતંત્રતા દિવસ અને શ્રાવણી પૂર્ણિમાનો સુભગ સમન્વય છે. શ્રાવણીપૂર્ણિમાને 'સંસ્કૃત દિવસ'ના રુપમાં મનાવવામાં આવે છે. અને '૩૭૦' અને '૩૫-એ' હટ્યા પછી કાશ્મીરની પ્રજા ખરા અર્થમાં સ્વતંત્ર બની છે, ત્યારે કાશ્મીર સંસ્કૃતના સાયુજયને આપના સુધી પહોંચાડવાનો યત્ન કર્યો છે.

ઈતિહાસકાર 'કલ્હણ' ની 'રાજતરંગિણી'માં વર્ણિત કાશ્મીરી રાજાઓની વંશાવલી તથા ત્યાં થઈ ગયેલા અઢળક અતિવિદ્વાન સંસ્કૃત કવિઓની વિરાસત સંગૃહિત કરીને બેઠેલું કાશ્મીર એ કોઈ પ્રદેશ માત્ર નથી, તે આપણા સૌની સાથે જોડાયેલું સાંસ્કૃતિક, શૈક્ષણિક સંધાન છે, તે વિશેની માહિતી આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

# શું બધા 'ટર્નિંગ પોઈન્ટ' જીવનમાં બદલાવ લાવી દેતા હોય છે ?



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

શહેરમાં રહેતા એક જાણીતા ચિત્રકારની વાત છે. આ ચિત્રકારની ચિત્રોની અલગ પહેચાન હતી. એકવાર શહેરની પ્રસિધ્ધ આર્ટ ગેલેરીમાં એના ચિત્રોનું 'સોલો' પ્રદર્શન યોજાયું. લોકોએ ખૂબ વધાવ્યું. આ ચિત્રકાર ઘરે આવ્યા અને સાંજે પરિવાર સાથે ડાઈનીંગ ટેબલ ઉપર જમવા બેઠા. ચિત્રકારના પિતાને ફોટો કોપી આપવામાં આવે તો એનું પણ પ્રુફ વાંચન કરી ભૂલો કાઢવા બેસી જાય એવા પ્રખર ટીકાકાર. ચિત્રકારે જમતી વેળા પરિવારના સભ્યોને જણાવ્યું કે, 'શહેરની પ્રતિષ્ઠિત આર્ટ ગેલેરીમાં આજથી શરૂ થયેલા મારા સોલો ચિત્ર એક્ઝિબિશનને સરસ આવકાર મળ્યો છે. એમાં પણ મારું યુવાન યુગલના 'નિર્મળ પ્રેમ'વાળુ ચિત્ર લોકોએ ખૂબ વખાણ્યું.'



પુત્રની વાત શાંતિથી સાંભળી પિતાએ કહ્યું, 'તું જે ચિત્રની વાત કરે છે એનો ફોટો જો તારા મોબાઈલમાં હોય તો મને બતાવ'.

પિતાની વાત સાંભળીને ચિત્રકાર પુત્ર તો રાજી થઈ ગયો. તરત જ મોબાઈલમાં પિતાજીને એ યુગલનું 'નિર્મળ પ્રેમ' નામનુ ચિત્ર બતાવ્યું. પિતાજીએ બે મિનિટમાં ચિત્રનું ગંભીરતાથી નિરીક્ષણ કરી કહ્યું, 'યુગલમાં બતાવેલી છોકરીની આંખમાં ઉષ્માનો અભાવ છે અને છોકરાના ચહેરા ઉપરના શેડ એની તાજગી ઉપર જાંખપ લાવી દે છે.'

પિતાજીના અભિપ્રાય બાદ પુત્રએ કહ્યું, 'પણ આ ચિત્રને તો યુવાનોએ ખૂબ પસંદ કર્યું છે. તમે આમ વાત કરી રહ્યા છો ! ત્યારે પિતાએ કહ્યું 'બેટા, પાબ્લો પીકાસોને ચિત્રો યુવાનો માટે દોરવા નહોતા પડ્યા. પિકાસોના ચિત્રોના રંગ, કલ્પના, હાવભાવ અને આસપાસનું વાતાવરણ યુવાનો, વયસ્કો, મહિલાઓ વગેરે કરોડો લોકોને મંત્રમુગ્ધ કરી દેતા. એમણે ક્યારેય કોઈ ચિત્ર માત્ર યુવાનોને આકર્ષવા માટે બનાવ્યું હોય એમ નથી બન્યું.' પિતાની આ એક ટકોરે ચિત્રકારનો સમગ્ર દ્રષ્ટિકોણ બદલી નાખ્યો. ત્યાર પછી એણે કોઈ એક ખાસ વર્ગને ધ્યાનમાં રાખીને ચિત્રો ક્યારેય ન બનાવ્યા. એના દરેક ચિત્રો જાણે હમણાં જ બોલી ઊઠશે એવા વાસ્તવિક બનવા લાગ્યા.

જીવનમાં કોઈ એક વાક્ય, એક ઘટના, એક ક્ષણ, એક અકસ્માત, એક નવો સંબંધ બંધાય કે એક સંબંધ તુટે ત્યારે એ 'ટર્નીંગ પોઈન્ટ' બની જતો હોય છે. સાઉથ આફ્રિકામાં બેરીસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધીને રેલ-વેના ડબ્બામાંથી પ્લેટફોર્મ ઉપર ફેંકી દેવામાં આવ્યા અને મોહનમાંથી મહાત્મા બનવાની નવી સફર આરંભાઈ. પ્લેટફોર્મ ઉપર ફેંકાયેલો મોહનદાસ તત્કાળ મૃત્યુ પામ્યો અને ત્યાં મહાત્માનો જન્મ થયો. એક એવી ક્ષણની જરૂર છે કે, જે જીવનનો 'ટર્નિંગ પોઈન્ટ' બની જાય. દરેક વ્યક્તિએ આવી ઘટના, વાક્ય કે ક્ષણને પકડવાની છે. એટલું બધું એકધારું બન્યા કરે છે કે, એને જ વ્યક્તિ જીવન સમજી લેતો હોય છે. ખરેખર તો વિપરીત પરિસ્થિતિ અને અભાવો જીવનને નવો વળાંક આપતા હોય છે. સલવતોને સુખ સમજવાની ભૂલ નવા સિમાડાઓથી વંચિત રાખે છે.

નિર્ણાયક પરિવર્તનની પાછળ 'ટર્નિંગ પોઈન્ટ' હોય છે. ટર્નિંગ પોઈન્ટનો સમય એવો અદભુત હોય છે કે, તે જીવનમાં કંઈક આપી જાય છે અને કશુક છીનવી પણ જાય છે. આ એવો સમય હોય છે, જેમાં જીવનની દિશા અને દ્રષ્ટિ બન્નેમાં બદલાવ આવતો હોય છે. 'ટર્નિંગ પોઈન્ટ' વાસ્તવમાં એક શક્તિશાળી તાકાતના સ્વરૂપે જીવનમાં આવતો હોય છે. ત્યાર બાદ પ્રત્યેક વિચારો અને માન્યતાઓ વધારે સ્પષ્ટ બની જતી હોય છે.

એ જરૂરી નથી કે હંમેશા પ્રત્યેક કાર્યમાં સફળતા જ મળે. બદલાવ માટે ધૈર્યપૂર્વક પ્રતિક્ષા કરવાની હોય છે. પછી જે પરિવર્તન આવે અને વૈચારિક સ્પષ્ટતા થાય એ 'ટર્નિંગ પોઈન્ટ'. પ્રત્યેક પરિવર્તન આપણા મન ઉપર મનોવૈજ્ઞાનિક અસર પેદા કરે છે. જ્યારે કોઈ વ્યક્તિ બેહુદગીપૂર્વક અપમાન કરે ત્યારે સ્વાભાવિક રીતે જ ખિન્ન બની પ્રતિષ્ઠાનો ડર મનમાં હાવી થઈ જતો હોય છે. પરિણામે પરિસ્થિતિ વધુ વણસતી જાય છે. આની સામે બીજો એક વિચાર એ પણ બળવત્તર છે કે, કોઈ નવા આશાના કિરણ પ્રતિ હૃદયપૂર્વકનો ઉત્સાહ પરિસ્થિતિને વધુ સારી બનાવી શકે છે.

એક વાત મનમસ્તિષ્કમાં સ્પષ્ટ સમજી લેવાની આવશ્યકતા છે, આપણી ભાવિ યોજનાઓ, લક્ષ્યો, મૂળભૂત માન્યતાઓ અને સંપર્કમાં આવતા લોકો માટે આપણે વધારે ઈમાનદારીપૂર્વક સજ્જ બનવું પડશે. 'ટર્નિંગ પોઈન્ટ' હંમેશા એક શક્તિશાળી વિચારના સ્વરૂપમાં કાર્ય કરતો હોય છે. આ એક એવી મોટી ઘટના હોય છે કે, જે જીવનને અકલ્પનીય રીતે બદલી નાખે છે. પ્રશ્ન એ થાય કે, શું બધા ટર્નિંગ પોઈન્ટ જીવનમાં બદલાવ લાવી દેતા હોય છે ? આ પ્રશ્નનો જવાબ દરેક માટે અલગ અલગ હોઈ શકે છે. કોઈ વ્યક્તિ માટે ટર્નિંગ પોઈન્ટ કશુંક નવો બદલાવ લઈને આવે છે. એ કદાચ સુખદાયક કે પછી દુઃખદાયક પણ હોઈ શકે. કોઈના માટે એ જીવનનો નવતર પથ કંડારવાનું કામ કરતો હોય એવું પણ બને. તો કોઈના માટે માર્ગ બંધ પણ કરનારો નીવડે. પરિણામ ગમે તે હોય જ્યારે લક્ષ્ય સ્પષ્ટ હોય અને ટર્નિંગ પોઈન્ટને સમજવાની ક્ષમતા કેળવાયેલી હોય ત્યારે આ પરિવર્તનકારી ઘટના માર્ગોને બદલી શકે છે.

**ધબકાર :**

બદલાવ સામે આંખ મીંચામણા નહીં, તેની સાથે સામે ચાલીને ઉષ્માસભર હસ્તધુનન કરી ભેટવુ પડે.